ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૫ ટકા

ગાંધીનગર તાપમાન

# ઓપીડી વિભાગની લીફટ પાણીમાં ગરકાવ

## પાંચમા માળે આવેલ ફિઝીયોથેરાપી વિભાગના દર્દીઓ પરેશાન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વહીવટી તંત્ર ખાડે ગયું છે. જેને પગલે દર્દીઓને હેરાન થવાનો વારો આવ્યો છે. વહીવટી ઓફીસને કાયમી સરનામુ મળતુ નથી. ત્યારે બીજી તરફ પાંચ માળની નવી ઓપીડી બિલ્ડીંગના પાંચમા માળે સિવિલના સત્તાધિશે ફિઝીયોથેરાપી વિભાગ શરુ કર્યો છે. પેરાલીસીસ અને અન્ય સાંધાની દુખાવાની ફરીયાદ કરતા આવતા દર્દીઓને પાંચ માળ સુધી જવા માટે લીફટનો સહારો લેવો પડે છે. વરસાદી વાતાવરણમાં ઓપીડી બિલ્ડીંગમાં આવેલ તમામ લીફટમાં વરસાદી પાણી ભરાઈ જતા લીફટ તંત્રને બંધ કરવાની ફરજ પડી છે. જેને પગલે પાંચ દિવસથી ફિઝીયોથેરાપી માટે એકપણ દર્દી આવ્યો નથી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કરોડો રૂપીયાના ખર્ચે કોર્પોરેટ લુક આપી ને તૈયાર કરવામાં આવી છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓને વિવિધ સુવિધાઓ મળી રહે તે રીતે બનાવાઈ છે. પરંતુ હોસ્પિટલના અણઘડ વહીવટમાં દર્દીઓને હેરાન પરેશાન થવાનો વારો આવે છે. ત્યારે નવીન ઓપીડી બિલ્ડીંગમાં પાંચમા માળે ફિઝીયોથેરાપી વિભાગ આવેલ છે. પેરાલીસીસ અને શરીરના વિવિધ સાંધાના દુખાવાની ફરિયાદ કરતા અને ચાલી ન શકતા અશકત દર્દીઓ કસરત માટે આવે છે. ત્યારે પાંચ માળની ઓપીડીમાં લીફટની સગવડ હોવાથી દર્દીઓ આવન જાવન કરી શકે છે. તો બીજી તરફ લીફટ બંધ હોય ત્યારે દર્દીઓને ધરમધક્કો ખાઈને પરત ફરવુ પડે છે. જો ફીઝીયોથેરાપી વિભાગ નીચે હોય તો દર્દીને સરળતા રહે છે. છેલ્લા પાંચ દિવસથી ઓપીડીની તમામ લીફટમાં પાણી ભરાઈ જતા લીફટ બંધ કરવાની તંત્ર ને ફરજ પડી છે. ઘણો સમય વિત્યો છતા લીફટમાંથી પાણી ઓસર્યા નથી .જેથી ફિઝીયોથેરાપી માટે આવતા દર્દીઓ રોજ આવીને પરત જાય છે. પાંચ માળ દર્દી પગથીયાથી ચાલીને જાય તેવી સ્થિતિમાં નથી હોતા ત્યારે લીફટ ઝડપી શરુ થાય તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.



## દ્વારકેશ રેસિડેન્સીની વડિલયાત્રા

ન્યુ વાવોલની દ્વારકેશ રેસિડેન્સીના રહીશો દ્વારા સોસાયટીના વડિલો માટે શ્રાવણ માસના પ્રથમ સોમવારે ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં તમામ વડિલોને કૈલાસધામ, સંતરામ મંદિર, વડતાલ સ્વામિનારાયણ મંદિર, ડાકોર રણછોડરાયજી મંદિર, ફાગવેલ તથા ઉત્કંઠેશ્વર મહાદેવ જેવી ધાર્મિક સ્થળોનો આવરી લેવાયાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકેશ રેસિડેન્સી ખાતે છેલ્લા ત્રણ વર્ષથી દર વર્ષે શ્રાવણ માસમાં વડિલયાત્રાનું આયોજન કરવામાં આવે છે. સોસાયટીના ચેરમેન, ઉત્સાહી સભ્યો તથા યુવાનો દ્વારા યાત્રામાં સુંદર વ્યવસ્થા માટે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# કોઈ પણ પરિસ્થિતને પહોંચી વળવા માટે જિલ્લા આરોગ્ય તંત્રની ચાર મેડીકલ ટીમો તૈયાર

## પ્રસૂતિ નજીકમાં હોય તેવી ૧૫૬ સર્ગભામાતાઓની યોગ્ય પ્રસૂતિ માટે સરકારી દવાખાનામાં યોગ્ય વ્યવસ્થા કરાઇ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદ થવાથી ઉભી થયેલ પરિસ્થિતમાં જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા ૨૨૦ વ્યક્તિઓને સારવાર આપીને વિના મૂલ્યે દવા આપવામાં આવી છે. તેમજ પ્રસૂતિની તારીખ નજીક હોય તેવી ૧૫૬ જેટલી સર્ગભામાતાઓને યોગ્ય પ્રસૂતિ માટે સરકારી દવાખાનામાં વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. દિપક જાગાણીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૭ દિવસથી વરસાદી માહોલ છે. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા માણસા શહેરમાં ૧૮૪, દહેગામ શહેર સહિત મોટા જલુન્દ્રા અને વાસણા રાઠોડ ગામમાં કુલ- ૧૫ અને કલોલ તાલુકામાં ૨૧ અસરગ્રસ્ત જરૂરિયાતમંદોને ત્રણ મેડિકલ ટીમો દ્વારા સારવાર આપવામાં આવી છે. તે ઉપરાંત રાંચરડા અને પાનસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સર્ગભામાતાઓને સફળ પ્રસૂતિ માટે ડીગુચા સા.આ.કેન્દ્ર અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા છે. તેમજ નજીકની તારીખમાં જે સર્ગભામાતાઓની પ્રસૂતિ હતી, તેવી જિલ્લાની ૧૫૬ સર્ગભામાતાઓની રૂબરૂ મુલાકાત લઈ તેમને પ્રસૂતિ માટે કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સરકારી દવાખાનામાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે.

તે ઉપરાંત જિલ્લાના તમામ ગામોમાં નિયમિત સુપર કલોરીનેશન આરોગ્ય કર્મચારીઓ દ્વારા પંચાયતો પાસે કરાવવામાં આવે છે. તેમજ કોઈ પણ પ્રકારનો ગંભીર રોગચાળો ન ફેલાય તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. તાત્કાલિક કોઈ પણ પરિસ્થિતને પહોંચી વળવા ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્રની ચાર મેડીકલ ટીમો તૈયાર રાખવામાં આવી છે.

# ખ-રોડ સહિતના અનેક શહેરી બસરૂટ બંધ કરાતા વિદ્યાર્થીઓ-નોકરિયાતો ત્રાહિમામ્

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ને અમદાવાદથી જોડતી શહેરી બસ સેવા છેલ્લાં છ માસથી લકવાગ્રસ્ત હાલતમાં હોય તે રીતે ચલાવવામાં આવી રહી છે. શહેરના ખ-માર્ગ અને સે. ૨૪, ૨૫, ૨૬, ૨૭ તથા ડીએસપી, એલડીઆરપી, ઘ-૬ અને જીઈબી થર્મલ સ્ટેશનને સાંકળતી બસસેવા અચાનક બંધ કરી દેવાતા દરરોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ તથા નોકરિયાતોની સ્થિતિ કફોડી થવા પામી છે.

શહેરના મુસાફરોની જરૂરિયાતને નજરઅંદાજ કરી જાણે દયાદાન કરતા હોય તે રીતે શહેરી બસ સેવા ચલાવવામાં આવી રહી છે. છેલ્લા ૧૫ દિવસમાં કિસાનનગર, સે. ૨૬, ૨૭, ૨૫, ૨૪ના મુસાફરોને અનુક્રમે ખ-૬, એલડીઆરપી, ઘ-૬, જીઈબી થર્મલ સ્ટેશન, આનંદનગર થઈ જતી બસ બંધ કરવામાં આવી છે તથા ડીએસપીથી ઉપડતી ખ-૭, ૨૪ ચાર રસ્તા ખ-રોડ થઈ વાસણા જતી બસ પણ બંધ કરાતા વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ મુદ્દે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વાહનવ્યવહાર મંત્રી, અધિક મુખ્ય સચિવ તથા અમદાવાદના ડિવિજનલ એસટી ડેપો મેનેજરને રજુઆત કરાઈ છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. આ મુદ્દે પી.સી. ભટ્ટ તથા અરૂણ બુચ દ્વારા રજૂઆતો કરવામાં આવી છે. સત્વરે આ પ્રશ્નને ઉમેકલવામાં આવે તેવી શહેર વસાહત મહામંડળ દ્વારા માંગ કરવામાં આવી છે.

# પુર-ગ્રસ્ત રાહત માટે સેવાકાર્ય




શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ગાંધીનગર સંચાલિત સ્કૂલ અને કોલેજના સ્ટાફ મિત્રો દ્વારા ઉત્તર ગુજરાતનાં પુર-ગ્રસ્ત વિસ્તારોમાં રાહત પહોંચાડવા માટે જીવન જરુરીયાતની વસ્તુ જેવી કે ખોરાક-કપડાંની મદદ સ્વરૂપે ૧૧૦૦ ફુડ પેકેટ અને ૨ ૨૦૦ જોડી કપડાં તૈયાર કરી શ્રી રામ સ્વામી, શ્રી અક્ષર સ્વામી અને પ્રિન્સિપાલ ધર્મેશભાઈના હસ્તે ગુજરાત સરકારની ગાંધીનગર ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમમાં જમા કરાવેલ છે. આ ગુરુકુળ પરિવાર હંમેશા માનવસેવામાં યોગદાન કરે છે શિક્ષણ સાથે સંસ્કાર દ્વારા સર્વાંગી વિકાસ કરી વિદ્યાર્થીઓમાં માનવતાના ગુણ આવે તે હેતુથી શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી અને શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકના સ્ટાફ દ્વારા ૧૫૦ ફુડ પેકેટ જાતે તૈયાર કરી સાબરમતી નદી કિનારે વસતા શ્રમજીવી પરિવારમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ ફૂડ પેકેટ એન્જીનીયરિંગ કોલેજના સ્ટાફ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા.

આઈ લવ માય ગાંધીનગર



**ઉર્પલ રામભાઈ જોષી**

**ગાંધીનગર ગમે**

વિશ્વમાં શ્રેષ્ઠ રહેણાંક વ્યવસ્થા, હરિયાળી, સુંદરતા અને સ્નેહાળ, પરગજુ લોકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

પારકાંને પોતાનાં કરી લે અને અજાણ્યાની પણ ચિંતા કરે, એમની સેવા કરી આવે એવા પરગજુ લોકો ગાંધીના નામના આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

આર્ષ-અક્ષરધામ, વિવિધ શૈક્ષણિક, સેવા સંસ્થાઓ ઉપરાંત જિલ્લા કોંગ્રેસ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવા વર્ગ અને નગરને બહેતર બાનાવવા ઈચ્છુક લોકોને પદ્ધતિસર તાલીમ આપવાના કાયમી ઉપક્રમનું આયોજન કરવું જરૂરી લાગી રહ્યું છે.

**નગર માટે હું કરી શકું**

શિક્ષણ અને સ્પોર્ટ્સના ઉપક્રમો માટે નગરને મારી સેવા પૂરી પાડવા હું તૈયાર છું.

# ચોમાસામાં પાણીજન્ય રોગોના નિવારણ માટે પાણીમાં ફટકડી નાખી ગાળી તથા ઉકાળીને ઠારીને ઉપયોગ કરીએ

## વધુ માહિતી માટે પાલનપુર- પાટણ-મહેસાણા ખાતેના કંટ્રોલ રૂમનો સંપર્ક કરો

ગાંધીનગર, તા.૨૮

ચોમાસાના કારણે ઉત્તર ગુજરાત સહિતના તમામ ડેમોમાં તથા નર્મદા કેનાલમાં નવા પાણીની આવક વધેલ છે. બનાસકાંઠા, પાટણ તથા મહેસાણા જિલ્લાની જુદી જુદી જુથ પાણી પુરવઠા યોજના આધારિત પીવાનું પાણી મેળવતા ગામો-શહેરોમાં પાણીના જથ્થામાં ડહોળાશ રહેવાની સંભાવના છે. પરિણામે પાણીજન્ય રોગો નિવારવા માટે પાણીમાં ફટકડી નાંખી ઉકાળી ત્યારબાદ ઠારીને પીવું જોઈએ. ચોમાસા દરમ્યાન પાણીના માટલામાં જરૂરી માત્રામાં કલોરીનની ટીકડી નાખી ઉપયોગ કરવો. ગ્રામ પંચાયતો દ્વારા ગંદા પાણીનો નિકાલ કરી સ્વચ્છતા રાખવી. પીવાના પાણીની ફળીયાઓની લીકેજને સત્વરે રીપેરીંગ કરવા, બાળકોના આરોગ્યને ધ્યાને લઈ શાળા અને આંગણવાડીમાં પંચાયત દ્વારા કલોરીન યુક્ત પાણીનું વિતરણ કરવું.

જાહેર જનતાને વધુ માહિતી માટે પાલનપુર ખાતે ફોન નંબર- ૦૨૭૪૨ ૨૫૭૧૬૧, પાટણખાતે ૦૨૭૬૬ ૨૨૬૩૬૮ અને મહેસાણા ખાતે ફોન નંબર- ૦૨૭૬૨ – ૨૨૫૩૪૫ના કાર્યપાલક ઈજનેરશ્રીના કંટ્રોલરૂમનો સંપર્ક કરવા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરે જણાવ્યું છે.

# ગાંધીનગર મનપાના સફાઈ કામદારોને ઈરાદાપૂર્વક હેરાનગતિ

ગાંધીનગર મહાનગર પાલિકાના સફાઈ કામદાર-કર્મચારીઓને મહાનગર પાલિકાના કેટલાક અધિકારીઓ ઈરાદા પૂર્વક હેરાન કરે છે. આ અંગે વારંવાર રજુઆત કરવા છતાં કોઈ નિકાલ આવતો નથી. આથી જો સફાઈ કામદારો ગાંધી ચિંધ્યા માર્ગે કોઈ આંદોલન કરશે તો ચોમાસામાં શહેરમાં અનેક મુશ્કેલીઓ ઉભી થશે તેમ ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના હોદ્દેદારોએ જણાવેલ છે.

## ‘પ્રિય બાપુ આપ મુજે પ્રેરિત કરતે હૈ’

# પોસ્ટ વિભાગ દ્વારા રાષ્ટ્રીય સ્તરની પત્ર લેખન સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

પોસ્ટ વિભાગ દ્વારા ‘પ્રિય બાપુ(મહાત્મા ગાંધી) આપ મુજે પ્રેરિત કરતે હૈ’ વિષય પર દેશભરમાં અખિલ ભારતીય પત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં વિજેતાઓને રૂપિયા ૫ હજારથી ૫૦ હજાર સુધીના ઈનામ અર્પણ કરાશે. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં બાળકો તેમજ નાગરિકો જોડાય તે માટે પોસ્ટ વિભાગ દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે.

પત્ર લેખનની આ ઓપન સ્પર્ધામાં ૫૦૦ શબ્દોમાં અંતર્દેશીય પત્ર અને ૧૦૦૦ શબ્દમાં લિફાફા શ્રેણીમાં પ્રાદેશિક કે હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં ગાંધી બાપુના સૂચિત વિષય પર પત્ર લખીને લેટરબોક્ષમાં ૧૫મી ઓગષ્ટ સુધી સ્વીકારવામાં આવશે. બાદમાં દેશમાંથી બાપુ વિષે લખાયેલા શ્રેષ્ઠ પત્રોને ૨જી ઓકટોબરે વિશેષ સમારોહમાં પ્રદર્શિત કરવામાં આવશે. જેને લઈને છેલ્લા ૨ દિવસથી ગાંધીનગર ડિવિઝનના અધિકારીઓએ શાળા અને કોલેજોના બાળકોને સ્પર્ધામાં ભાગ લેવા માટે સંપર્ક શરુ કર્યો છે. સ્પર્ધામાં કોઈ પણ ઉંમરના નાગરિકો ભાગ લઈ શકે છે. ઉત્સુકો ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસ આગળ મુકેલા પીળા રંગના લેટર બોક્ષમાં પોતાની રચના પત્ર સ્વરૂપે લખીને પોસ્ટ કરી શકે છે અથવા તો ‘સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગર ડિવિઝન, હેડ પોસ્ટ ઓફિસ, સે-૧૦-ગાંધીનગર’ના સરનામે મોકલી શકે છે.

બાપુ વિષે લખાયેલ દેશની સર્વશ્રેષ્ઠ રચના માટે રૂપિયા ૫૦ હજાર, બીજા નંબરની રચના માટે રૂ. ૨૫ હજાર અને ત્રીજા નંબરની રચના માટે રૂપિયા ૧૦ હજારનું ઈનામ અર્પણ કરાશે. જયારે ગુજરાત પોસ્ટલ સર્કલમાં સર્વશ્રેષ્ઠ રચના માટે રૂપિયા ૨૫ હજાર, બીજા નંબરની રચના માટે રૂપિયા ૧૦ હજાર અને ત્રીજા નંબરની રચના માટે રૂપિયા ૫ હજારનું ઈનામ અર્પણ કરાશે.



રાજ્યની જેમ ગાંધીનગરમાં પણ મહિલાઓએ શુક્રવારે જીવંતિકા વ્રતનું પાલન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે સંતાનોની દીર્ઘાયુ માટે આ વ્રત મહિલાઓ દ્વારા કરવામાં આવે છે અને વ્રતના દિવસે લાલ વસ્ત્રો ધારણ કરવામાં આવે છે. શ્રદ્ધા સાથે હવે ટૅકનોલૉજી અને ઈન્ટરનેટનું માધ્યમ પણ વણાયું છે, જેની અસર શુક્રવારે શહેરમાં જોવા મળી હતી. કેટલીક મહિલાઓ વ્રતની વાર્તા આમ મોબાઈલમાંથી વાંચતી જોવા મળી હતી.

@ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં કેન્ડી ક્રશના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ચાંદીના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ વીપીનભાઈ ઓઝા ૧૨, હરિધામ એન્કલેવ, પ્રમુખ એલેગન્સની સામે, રાયસણ પંટ્રોલ પંપ પાસે, રાયસણ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના પરેશભાઈ દવે, ઈશાન ફલેટ ખાતે યોજાશે.

● શ્રી રામધાવ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે વિવિધ ચોકલેટના કલાત્મક હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ દક્ષેશભાઈ આર. ત્રિવેદી, પ્લોટ નં. ૬૫૨/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન આશુતોષની આરાધના અર્ચના અર્થે લઘુરૂદ્રાભિષેક સવારે ૮.૩૦ કલાકે જયંતિભાઈ પી. ભટ્ટ પ્લોટ નં. ૭૫૪ પંચશીલ પાર્ક, સે-૨૧ ખાતે યોજાશે. મહાપ્રસાદ લેવા સર્વ સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા સાવનભાદો મનોરથ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે તા. ૩૦-૭-૨૦૧૭ રવિવારના રોજ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, વલ્લભધામ, સે-૨૧, ગાંધીનગર ખાતે સાંજે ૭.૦૦ કલાકે સાવનભાદોના હિંડોળાના દર્શન થશે.

વર્ષાઋતુના સુંદર વન્ય વાતાવરણમાં વરસતા વરસાદ, ગાજવીજ, વીજળીના ચમકારા, કોયલ, મોર, બપિહા જેવા પંખીઓના સુંદર કલરવ વચ્ચે ઠાકોરજીને હિંડોળામાં ઝુલાવવામાં આવશે. આવા રમ્ય અલૌકિક દર્શનનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને માનદ મંત્રી કિરીટભાઈ સોની દ્વારા જણાવાયું છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાઈ

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત-ગાંધીનગરની માસિક બેઠક ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષસ્થાને મળી હતી.

કાર્લ માર્કસની ૨૦૦મી જન્મજયંતિ ૨૦૧૮માં આવતી હોઈ માર્કસવાદના મુળભુત સિધ્ધાંતોનું વાંચન કરાયુ ંહતું. અનુસૂતિ જાતિની વસ્તીના ધોરણે રાજયના વાર્ષિક અંદાજપત્રમાં જોગવાઈ કરવા ‘એકટ’ બનાવવા માંગણી કરેલ હતી તે માટે ગુજરાત સરકારને વિનંતી કરતો ઠરાવ રાજયના માન. સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી અને માન. અધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભાને રૂબરૂ ચર્ચા કરીને આપ્યો હતો. આ અંગે ધારાસભ્યોને ઠરાવની નકલ આપવામાં આવશે. ઉપપ્રમુખ સોમાભાઈએ આભારવિધિ કરી હતી. સંચાલન મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર આરતીબેન રતનજી, ઉ.વ. ૧૫
- સ્વ. સોલંકી કલાજી ભીખાજી, ઉ.વ. ૭૦